# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-11-2024 Midday : 1.20 to 1.30

Day : Sunday National News

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

***************************************************

1) ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઝારખંડમાં પક્ષનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

2) વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર આજથી છ દિવસ ઑસ્ટ્રેલિયા અને સિંગાપોરના પ્રવાસે જશે

3) સમગ્ર દેશમાં આજે ભાઈબીજનો તહેવાર ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે

4) ભારતીય હવામાન વિભાગે આજે તામિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની આગાહી કરી છે.

5) ન્યૂઝીલેન્ડે ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતને 25 રનથી હરાવીને શ્રેણી 3-0 થી જીતી લીધી

6) હરમીત દેસાઈ અને કૃત્વિકા રોયની ભારતીય જોડી આજે વેનેઝુએલામાં ટેબલ ટેનિસની WTT ફીડર મિક્સ્ડ ડબલ્સની ફાઇનલમાં રમશે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JAISHANKAR AUSTRALIA SINGAPORE

વિદેશ મંત્રી ડૉ.સુબ્રમણ્યમ જયશંકર આજથી છ દિવસ ઑસ્ટ્રેલિયા અને સિંગાપોરના પ્રવાસે જશે. દરમિયાન તેઓ બ્રિસબેન જશે અને ઑસ્ટ્રેલિયામાં ભારતના ચોથા વાણિજ્ય દૂતાવાસનું ઉદ્ઘાટન કરશે. તેઓ કેનબરા ખાતે ઑસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેન્ની વૉન્ગ સાથે વિદેશ મંત્રીસ્તરના માળખાકીય સંવાદની 15મી બેઠકની સહ-અધ્યક્ષતા કરશે.

વિદેશ મંત્રી ઑસ્ટ્રેલિયાના સંસદ ભવન ખાતે બીજા રાયસીના ડાઉન અંડરના ઉદ્ઘાટન સત્રને પણ સંબોધિત કરશે. ડૉ. જયશંકર ઑસ્ટ્રેલિયાના નેતાઓ, સાંસદો, પ્રવાસી ભારતીય સમુદાયના સભ્યો, ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ, મીડિયા સહિત અન્ય અગ્રણીઓ સાથે સંવાદ કરશે. પ્રવાસના બીજા તબક્કામાં શ્રી જયશંકર આઠ નવેમ્બરે સિંગાપોર પહોંચશે.

દરમિયાન તેઓ આશિયાન-ભારત થિન્ક ટેન્કની આઠમા ગોળમેજી સંવાદને પણ સંબોધિત કરશે. તેઓ બંને દેશ વચ્ચેની ભાગીદારીની સમીક્ષા અને દ્વિપક્ષીય સંબંધ વધુ ગાઢ બનાવવાના માર્ગ શોધવા માટે સિંગાપોરના નેતાઓ સાથે બેઠક યોજશે.

# PM---DUMA-BOKO

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ ડુમા બોકોને બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા છે. એક સંદેશમાં, શ્રી મોદીએ લખ્યું  કે તેઓ

ભારત અને બોત્સ્વાના વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા શ્રી બોકો સાથે કામ કરવા આતુર છે.

## JAISHANKAR AUSTRALIA SINGAPORE

વિદેશ મંત્રી ડૉ.સુબ્રમણ્યમ જયશંકર આજથી છ દિવસ ઑસ્ટ્રેલિયા અને સિંગાપોરના પ્રવાસે જશે. દરમિયાન તેઓ બ્રિસબેન જશે અને ઑસ્ટ્રેલિયામાં ભારતના ચોથા વાણિજ્ય દૂતાવાસનું ઉદ્ઘાટન કરશે. તેઓ કેનબરા ખાતે ઑસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેન્ની વૉન્ગ સાથે વિદેશ મંત્રીસ્તરના માળખાકીય સંવાદની 15મી બેઠકની સહ-અધ્યક્ષતા કરશે.

વિદેશ મંત્રી ઑસ્ટ્રેલિયાના સંસદ ભવન ખાતે બીજા રાયસીના ડાઉન અંડરના ઉદ્ઘાટન સત્રને પણ સંબોધિત કરશે. ડૉ. જયશંકર ઑસ્ટ્રેલિયાના નેતાઓ, સાંસદો, પ્રવાસી ભારતીય સમુદાયના સભ્યો, ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ, મીડિયા સહિત અન્ય અગ્રણીઓ સાથે સંવાદ કરશે. પ્રવાસના બીજા તબક્કામાં શ્રી જયશંકર આઠ નવેમ્બરે સિંગાપોર પહોંચશે.

દરમિયાન તેઓ આશિયાન-ભારત થિન્ક ટેન્કની આઠમા ગોળમેજી સંવાદને પણ સંબોધિત કરશે. તેઓ બંને દેશ વચ્ચેની ભાગીદારીની સમીક્ષા અને દ્વિપક્ષીય સંબંધ વધુ ગાઢ બનાવવાના માર્ગ શોધવા માટે સિંગાપોરના નેતાઓ સાથે બેઠક યોજશે.

## BHAI DOOJ OVERALL

સમગ્ર દેશમાં આજે ભાઈબીજનો તહેવાર ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. આજના દિવસે બહેનો પોતાના ભાઈઓના માથે તિલક લગાવે છે અને તેમના લાંબા આયૂષ્ય માટે પ્રાર્થના કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાઈબીજના તહેવાર નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ આ શુભ તહેવાર ભાઈઓ અ બહેનો વચ્ચેના સ્નેહમાં વધારો કરે તેવી આશા વ્યક્ત કરી છે.

દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશવાસીઓને ભાઈબીજના તહેવારની શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી શાહે પ્રેમ, સમર્પણ અને ભક્તિના આ તહેવાર તમામ લોકોને જીવનમાં અનેક ખુશીઓ લઈને આવે તેવી પ્રાર્થના કરી છે.

## KIRTI-VARDHAN-NBSAP.RTF

કેન્દ્રીય પર્યાવરણ રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહે કોલંબિયામાં કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ COP 16ની બેઠકમાં ભારતની અદ્યતન રાષ્ટ્રીય જૈવવિવિધતા વ્યૂહરચના અને કાર્ય યોજના રજૂ કરી.

આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે ભારતના સંપૂર્ણ સરકાર અને સંપૂર્ણ સમાજના દ્રષ્ટિકોણ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી સિંહે જણાવ્યું કે આ વ્યૂહરચના આદ્રભૂમિનું રક્ષણ અને દરિયાકાંઠાના વિસ્તારોના ટકાઉ વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કાર્યયોજના વર્ષ 2030 સુધીમાં જૈવવિવિધતાના નુકસાનને

રોકવા મહત્વની માર્ગદર્શિકા છે, જેમાં પર્યાવરણીય પડકારોનો સામનો કરવાની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે.

આ યોજના પર્યાવરણીય પ્રણાલીની પુનઃસ્થાપના, પ્રજાતિઓની પુનઃપ્રાપ્તિ કાર્યક્રમો અને સમુદાય-સંચાલિત સંરક્ષણ પ્રયાસો દ્વારા વિવિધ પડકારોનો સામનો કરવામાં મદદરૂપ સાબિત થશે. ઉલ્લેખનીય છે કે આ દસ્તાવેજ ગયા મહિનાની 30મી તારીખે જાહેર કરાયો હતો.

## WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે તામિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ચાર દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ અને પૂર્વ ભારતમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં 2થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ ઘટાડો થાય તેવી શક્યતા છે. જ્યારે આ મંગળવારે આંદમાન અને નિકોબાર દ્વિપસમૂહમાં ભારે વરસાદની આગાહી છે. ઉપરાંત દિલ્હી અને એનસીઆરમાં આગામી 2થી ત્રણ દિવસમાં સવારે અને રાત્રે ધુમ્મસ છવાઈ રહે તેવી શક્યતા છે.

## UTTARAKHAND KEDARNATH DHAM CLOSE

ઉત્તરાખંડમાં કેદારનાથ ધામના કપાટ આજે સવારે સાડા 8 વાગ્યે શિયાળાની ઋતુ માટે બંધ કરાયા છે. ભાઈબીજના પાવન તહેવારે આજે મંદિરને વિશેષ શણગાર કરાયો છે.

ઉત્તરકાશીમાં યમુનોત્રી ધામના કપાટ પણ આજે બપોરે 12.05 વાગ્યે બંધ થયા હતા. આ વર્ષે 15 લાખ તીર્થયાત્રિઓએ કેદારનાથ ધામ અને સાત લાખથી વધુ તીર્થયાત્રિઓએ યમુનોત્રી ધામના દર્શન કર્યા છે.

# RAILWAY SPECIAL TRAINS

છઠ અને અન્ય તહેવાર નિમિત્તે રેલવે વિશેષ ટ્રેનનું સંચાલન કરી રહ્યું છે. લગભગ 20 વિશેષ ટ્રેન રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોના મુખ્ય રેલવે મથકથી દોડાવવામાં આવશે, જેમાં દરભંગા, રાંચી, પટના, કટરા, મુજફ્ફરપુર, બલિયા, કામખ્યા અને આઝમગઢ સામેલ છે.

ભારતીય રેલવે દર વર્ષે તહેવારો દરમિયાન લાખો મુસાફરોની સુવિધા માટે વિશેષ ટ્રેનનું સંચાલન કરે છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે 2 હજાર ૪00થી વધુ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. ગયા વર્ષે આ તહેવારો દરમિયાન અંદાજે સાડા ચાર હજાર વિશેષ ટ્રેનનું સંચાલન થયું હતું.

# CHGARH MAOIST ATTACK

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે માઓવાદીઓના હુમલામાં 2 પોલીસ કૉન્સ્ટેબલ ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. બંને કૉન્સ્ટેબલ જગરગુંડા શહેરના સાપ્તાહિક બજારમાં ફરજ પર તહેનાત હતા. દરમિયાન માઓવાદીઓએ આ હુમલો કર્યો હતો. હાલમાં આ સમગ્ર વિસ્તારમાં તપાસ અભિયાન ચાલી રહ્યું છે.

# CRICKET

ન્યૂઝીલેન્ડે ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતને 25 રનથી હરાવીને શ્રેણી 3-0થી જીતી લીધી છે. આ સાથે જ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ન્યૂઝીલેન્ડે ભારત સામે 147 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. જેની સામે ભારતીય ટીમ 121 રને ઑલઆઉટ થઈ હતી. વર્ષ 2000 બાદ આ પહેલીવાર છે જ્યારે ભારત પોતાની ધરતી પર ટેસ્ટ સિરીઝ હાર્યું છે.

# TABLE-TENNIS.RTF

હરમીત દેસાઈ અને કૃત્વિકા રોયની ભારતીય જોડી આજે ટેબલ ટેનિસની WTT ફીડર મિક્સ્ડ ડબલ્સની ફાઇનલમાં ક્યુબાના જ્યોર્જ કેમ્પોસ અને ડેનિએલા ફોન્સેકાની જોડી સામે રમશે. આ મેચ વેનેઝુએલાના કારાકાસ ખાતે રમાશે. આ ભારતીય જોડીએ ગઈકાલે સેમીફાઇનલમાં ચીનના વાંગ કાઈબો અને લિયુ ઝિનરાનની જોડીને 3-0થી પરાજય આપ્યો હતો.

બીજી તરફ પુરુષ સિંગલ્સની સેમિફાઇનલ મેચમાં આજે ભારતના હરમીત દેસાઈનો મુકાબલો પોર્ટુગલના જોઆઓ મોન્ટેઈરો સામે, જ્યારે સ્નેહિત સુરવજ્જુલાનો સામનો ફ્રાન્સના જો સેફ્રીડ સામે થશે.

# GAZA-ATTACK.RTF

મધ્ય ગાઝાના નુસીરાત ખાતે શરણાર્થી શિબિરમાં ઇઝરાયેલ દ્વારા કરાયેલા હવાઈ હુમલા અને બોમ્બમારાથી 42 લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે. જ્યારે 150 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે.

પેલેસ્ટિયન સુરક્ષા સૂત્રોના અહેવાલ અનુસાર ઇઝરાયેલની સેના ગત શુક્રવારથી નુસીરાતમાં બોમ્બમારો કરી રહી છે. ગાઝાની સરકારી મીડિયા કચેરીએ આ હુમલાની ટીકા કરી આંતરરાષ્ટ્રીય સમુદાયને આવા હુમલાઓને રોકવા માટે ઇઝરાયેલ પર દબાણ લાવવા હાકલ કરી છે.

દરમ્યાન ઇઝરાયેલના સંરક્ષણ દળોએ એક નિવેદનમાં જણાવ્યું છે કે રફાહ અને મધ્ય ગાઝામાં આતંકવાદી માળખાને તોડી પાડવા અને શસ્ત્રો શોધવા માટે એક અભિયાન હાથ ધરાયું છે.